**ગુજરાત સરકાર**
**સામાન્ય વહીવટ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૧૩/૪૪/આર.ટી.આઇ.**
**તા.૧૭/૦૫/૨૦૧૩**

**પરિપત્ર :-**

માહિતીનો અધિકાર અધિનિયમ – ૨૦૦૫ હેઠળ માહિતી માંગવા માટે કરવામાં આવતી અરજીઓમાં અરજદારોને સમયસર માંગ્યા મુજબની માહિતી મળી રહે અને કાયદાનો સુદ્રઢ અમલ થાય તે માટે નીચે મુજબ કાર્યવાહી કરવા માટે તમામ વહિવટી વિભાગોને આથી સુચના આપવામાં આવે છે.

૧. માહિતીનો અધિકાર અધિનિયમ – ૨૦૦૫ ની કલમ – ૫ ની જોગવાઇ મુજબ દરેક જાહેર સત્તા મંડળે આ કાયદા હેઠળ માહિતી માંગવા માટે વિનંતી કરતા અરજદારોને માહિતી પૂરી પાડવા માટે જાહેર માહિતી અધિકારીઓની નિમણુંક કરવાની રહે છે. કાયદાની સુદ્રઢ અમલવારીમાં એકસૂત્રતા જળવાય તે માટે સચિવાલયના દરેક વહીવટી વિભાગ ખાતે જાહેર માહિતી અધિકારી તરીકે ઉપસચિવની નિમણૂક અને અપીલ અધિકારી તરીકે નાયબ સચિવ/ સંયુક્ત સચિવ/ અધિક સચિવની નિમણૂક કરવી.

૨. માહિતીનો અધિકાર અધિનિયમ –૨૦૦૫ હેઠળ માહિતી માંગવા અરજદારો તરફથી કરવામાં આવતી અરજીઓ અને અપીલોની સમીક્ષા દર માસે જે તે વિભાગના સચિવશ્રી કક્ષાએ કરવી.

૩. માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ –૪ (૧) (ખ) માં દર્શાવેલ ૧૭ મુદ્દાઓ (પ્રોએકટીવ ડીસ્કલોઝર) ની અદ્યતન માહિતી તૈયાર કરીને વિભાગની વેબસાઇટ પર અને કચેરી ખાતે પ્રસિધ્ધ કરવી અને તેને સમયાંતરે નિયમિતરીતે અદ્યતન કરવી. સામાન્ય વહિવટ વિભાગના તા. ૧/૦૫/૨૦૦૯ , તા.૮/૦૮/૨૦૧૨ અને તા.૧/૧૧/૨૦૧૨ ના પરિપત્રોથી આ અંગેની જરૂરી સૂચનાઓ તમામ વહિવટી વિભાગોને આપવામાં આવેલ છે. આ સુચનાઓનો ચુસ્ત અમલ કરવા પુન: સુચના આપવામાં આવે છે.

૪. આ કાયદાની અમલવારીમાં કાયદાકીય જોગવાઇઓનો ચુસ્ત અમલ થાય અને કોઇ વિસંગતતા ન રહે તેમજ કાયદાનો સુદ્રઢ અમલ થાય તે માટે માર્ગદર્શક સૂચનાઓ તા.૨૨/૦૭/૨૦૦૮ અને તા.૧૫/૦૭/૨૦૧૦ ના પરિપત્રોથી તમામ વહીવટી વિભાગો તથા તેમના નિયંત્રણ હેઠળના જાહેર સત્તા મંડળોને પરિપત્રિત કરવામાં આવેલ છે. જેનો અમલ કરવા આથી પુન: સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી. સી. પટેલ)
**નાયબ સચિવ (આર.ટી.આઇ)**
**સામાન્ય વહીવટ વિભાગ**

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર-૧૮, ગાંધીનગર.
- ડેપ્યુટી ડાયરેક્ટર જનરલશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો.
  - આ સૂચનાઓ તેમના વહીવટી હકૂમત હેઠળના તમામ ખાતાના વડાઓ / કચેરીઓ / બોર્ડ / નિગમો / જાહેર સત્તામંડળોના ધ્યાને લાવવા સારૂ.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- ના.સે.અ.ની સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.